ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મહેમદાવાદ આરોગ્ય કેન્દ્રમાં ગાયનેક તબીબની ગેરહાજરીમાં નર્સ - પટાવાળાએ પ્રસૂતિ કરાવતા નવજાત શિશુનું મોત

મહેમદાવાદની હોસ્પિટલમાં બેદરકારીથી શિશુનું મોત!

ઘરથી માત્ર ૫ મિનિટના અંતરે રહેતા હોવા છતાં ગાયનેક તબીબ દર્દીને જોવા ન આવ્યા।

યોગ્ય સારવારના અભાવે સગર્ભા માતાનો જીવ પણ જોખમમાં મુકાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

મહેમદાવાદના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે વહીવટી તંત્રની ઘોર લાપરવાહી અને સ્ટાફની મનમાનીનો અત્યંત કરૂણ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાત્રિના સમયે પ્રસૂતિની પીડા ઉપડતા સારવાર અર્થે આવેલી મહિલાની પ્રસૂતિ કરાવવા માટે નિષ્ણાત તબીબ હાજર ન રહેતા નર્સ અને પટાવાળા દ્વારા જોખમી કામગીરી હાથ ધરાતા એક અબુધ નવજાત શિશુનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે મૃતક બાળકના પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે આક્રોશ ફેલાયો છે તેમજ જવાબદાર અધિકારીઓ સામે તટસ્થ તપાસ કરી કડક પગલાં ભરવાની પ્રબળ માગણી ઉઠી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહેમદાવાદ તાલુકાના વિરોલ ગામે રહેતા પરિવારની સગર્ભા મહિલા જલ્પાબેનને ૧૮ નવેમ્બરના રોજ મોડી રાત્રે ૧૧:૪૫ કલાકે અચાનક પ્રસૂતિની પીડા શરૂ થઈ હતી. પરિવારજનો સમય ગુમાવ્યા વિના મહિલાને તાત્કાલિક મહેમદાવાદ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ આવ્યા હતા. હોસ્પિટલમાં દર્દીને દાખલ કર્યા



બાદ ફરજ પરના સ્ટાફે કોઈ ગંભીરતા દાખવી ન હતી અને નિષ્ણાત ગાયનેક તબીબને સમયસર બોલાવવાની તસ્દી પણ લીધી ન હતી.

આરોગ્ય કેન્દ્રમાં ગાયનેક તબીબ ગેરહાજર હોવાથી માત્ર નર્સ અને પટાવાળા દ્વારા સગર્ભાની પ્રસૂતિ કરાવવાની અત્યંત જોખમી અને અણઘડ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બેદરકારીના પરિણામે રાત્રે ૨ વાગ્યાના સુમારે જન્મેલા શિશુનું કરૂણ મોત થયું હતું. આટલું જ નહીં, યોગ્ય સારવારના અભાવે માતાના શરીરમાં પણ ઝેર પ્રસરવાની ભીતિ સર્જાતા તેમનો જીવ જોખમમાં મુકાયો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે, જે સરકારી આરોગ્ય તંત્રની નિષ્ફળતા છતી કરે છે.

આણંદ - ખેડા જિલ્લાની સરકારી હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અંગે વારંવાર ફરિયાદો ઉઠતી રહે છે. આમ છતાં કડક કાર્યવાહી થતી નથી.

સુપરિન્ટેન્ડેન્ટ ખાનગી પ્રેક્ટિસ અને શેરબજારમાં મસ્ત હોવાનો આક્ષેપ

સીએચસીના સુપરિન્ટેન્ડેન્ટ બ્રિજેશ પંચાલ સામે અત્યંત ગંભીર બાબતો સામે આવી છે. તેઓ સરકારી નોકરી કરતા હોવા છતાં અમદાવાદ ખાતે પોતાની ખાનગી હોસ્પિટલ ચલાવતા હોવાની ફરિયાદો ઉઠી છે. આ ઉપરાંત તેઓ શેરબજારના કામકાજમાં વધુ સમય ફાળવતા હોવાથી સરકારી હોસ્પિટલની કામગીરી અને દર્દીઓની સુખાકારી પ્રત્યે આંખ આડા કાન કરતા હોવાની વ્યાપક ચર્ચા છે. આ બનાવ અંગે પૂછતાં તેમણે બાળકના ગળામાં નાળ ફસાયેલી હોવાથી મોત થયાનું કહી નગરપાલિકામાં ફોર્મ ભરી દીધાનો કાગળીયો જવાબ આપ્યો હતો અને સોનોગ્રાફી મશીન ન હોવાનો બચાવ રજૂ કરી અન્ય તબીબી વિગતો આપવાનું ટાળ્યું હતું.

ફરજ પરના નર્સ લક્ષ્મીબેને હાથ અધ્ધર કર્યા

ફરજ પરના નર્સ લક્ષ્મીબેને ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે જ્યારે દર્દીની પ્રસૂતિ કરાવવામાં આવી ત્યારે તેઓ હાજર ન હતા અને અન્ય કર્મચારીઓએ આ કામગીરી સંભાળી હતી. દર્દીના રિપોર્ટમાં બાળકના ગળામાં નાળ વિંટળાયેલી હોવાનું જાણવા મળ્યું હતું, પરંતુ રાત્રે લેબર રૂમમાં શું પગલાં લેવાયા તે અંગે પોતે અજાણ હોવાનું કહીને તેમણે જવાબદારીમાંથી મુક્તિ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

રિપોર્ટમાં તકલીફ છતાં ડોક્ટરને ન બોલાવાયા

વિરોલના દર્દી જલ્પાબેને આક્રોશ સાથે જણાવ્યું હતું કે, તેઓ રાત્રે ૧૧:૪૫ વાગ્યે હોસ્પિટલમાં આવ્યા હતા અને રાત્રે ૨ વાગ્યે બાળકના જન્મ સમયે જ તેનું મોત થયું હતું. અગાઉ કાઢવામાં આવેલા રિપોર્ટમાં તકલીફ હોવાનું સ્પષ્ટ જણાતું હતું તેમ છતાં હોસ્પિટલના સ્ટાફે કોઈ નિષ્ણાત તબીબને જાણ કરી ન હતી. પટાવાળા અને નર્સે મળીને પ્રસૂતિ કરાવતા આ મોટી દુર્ઘટના સર્જાઈ છે.

ઘરથી ૫ મિનિટના અંતરે હોવા છતાં ગાયનેક હોસ્પિટલ ન આવ્યા !

હોસ્પિટલના ગાયનેક તબીબ માર્લિનબેન મહેમદાવાદ શહેરમાં જ રહેતા હોવા છતાં ફરજ પર આવ્યા ન હતા. તેમણે એવો બચાવ રજૂ કર્યો હતો કે રાત્રે ૧ વાગ્યા બાદ નર્સનો ફોન આવ્યો હતો. પરંતુ બાળકનું મોત ગર્ભમાં જ થઇ ગયું હોવાની માહિતી મળતા તેઓ હોસ્પિટલ આવ્યા ન હતા. ઘરથી માત્ર ૫ થી ૭ મિનિટના અંતરે રહેવા છતાં દર્દીની સ્થિતિ જોવા ન આવતા તબીબી નૈતિકતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

પેટલાદના પંડોળી નજીક વાહન ટક્કરે યુવકનું મોત

હીટ એન્ડ રન કેસ અંગે પેટલાદ રૂરલ પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૧

તારાપુરથી વાસદ તરફ જતા સ્ટેટ હાઈવે પર આવેલા પંડોળી ગામના પાટીયા પાસે શુક્રવાર સાંજના સમયે સર્જાયેલી હીટ એન્ડ રનની ગમખ્વાર ઘટનામાં અંદાજે ૨૫ થી ૩૦ વર્ષની વયના એક યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.

પેટલાદના પંડોળી ગામ નજીક પસાર થતાં હાઈવે પર પગપાળા જતાં યુવકને અકસ્માત નડ્યો હતો. શુક્રવાર સાંજના સમયે રાખોડી રંગનું શર્ટ અને વાદળી જીન્સનું પેન્ટ પહેરેલો આશરે ૨૫ થી ૩૦ વર્ષનો યુવક પસાર થઈ રહ્યો હતો, ત્યારે પુરઝડપે આવી ચઢેલા એક અજાણ્યાં વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવકને માથાના ભાગે, ડાબા પગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અકસ્માત સર્જી વાહનચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે રાહદારીઓ દ્વારા પોલીસને જાણ કરાતાં પેટલાદ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે પેટલાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. આ મામલે ગૌરાંગગીરી પુનમગીરીએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કર્યો છે અને હાઈવે આસપાસના સીસીટીવીના ફૂટેજ તપાસવા સહિત મૃતક યુવકની ઓળખ માટે તજવીજ હાથ ધરી છે.

મહેમદાવાદ અર્બન બેંકની ચૂંટણીમાં બોગસ વોટિંગના આક્ષેપો વચ્ચે કોર્ટનો આદેશ

મહેમદાબાદ અર્બન બેંકની ચૂંટણીનું રેકર્ડ જપ્ત, સઘન તપાસ શરૂ કરાઈ

પરિવર્તન પેનલ દ્વારા અદાલતમાં કેસ દાખલ કરાતા કોર્ટ કમિશનરની ટીમે દસ્તાવેજો કબ્જે લીધા.

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

મહેમદાબાદ અર્બન પીપલ્સ કો-ઓપરેટિવ બેંકની ગત 20/09/2026ના રોજ યોજાયેલી વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીમાં મોટા પાયે બોગસ વોટિંગ થયું હોવાના આક્ષેપ સાથે પરિવર્તન પેનલ દ્વારા અદાલતના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. આ મામલે નામદાર અદાલતના મહત્વપૂર્ણ આદેશ બાદ કોર્ટ કમિશનર કચેરીની ટીમે મહેમદાબાદ ખાતે દોડી આવીને ચૂંટણી સંબંધિત તમામ રેકર્ડ અને રજિસ્ટર જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.



મહેમદાબાદ અર્બન પીપલ્સ કો-ઓપરેટિવ બેંકની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ પરિણામો જાહેર થયા બાદ હારેલા જૂથ દ્વારા પરિણામો પ્રભાવિત કરવાના સંગીન આક્ષેપો કરાયા હતા. પરિવર્તન પેનલના સભ્યોએ રજૂઆત કરી હતી કે મતદાન દરમિયાન બોગસ મતદાન કરાવીને સાચા સભાસદોના અધિકારોનું હનન કરવામાં આવ્યું છે અને પારદર્શિતા રાખવામાં આવી નથી.

કોર્ટ સમક્ષ પ્રાથમિક વિગતો રજૂ કરાતા અદાલતે મામલાની ગંભીરતા ધ્યાને લઈ તપાસનો આદેશ આપ્યો હતો, જેના પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કોર્ટ કમિશનરની ખાસ ટીમે મહેમદાબાદ પહોંચીને મતદાન મથકોના રજિસ્ટર સહિતના તમામ અગત્યના દસ્તાવેજો જપ્ત કરીને સુરક્ષિત કર્યા છે. જપ્ત કરાયેલા રેકર્ડની હવે ઝીણવટભરી તપાસ કરવામાં આવશે, જેના પછી જ બોગસ વોટિંગના આક્ષેપોમાં કેટલું તથ્ય છે તે સ્પષ્ટ થશે.

ખંભાતમાં જુગાર રમતા ૧૨ શખ્સો ઝડપાયા

ખંભાત શહેર પોલીસે રહેણાંક મકાન પર દરોડો પાડી અડ્ડો પકડી પાડ્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૧

ખંભાત શહેરના બાજરીયા વિસ્તારમાં આવેલી લક્ષ્મીપુરા સોસાયટીના એક રહેણાંક મકાન પર ખંભાત સીટી પોલીસે દરોડો પાડીને પત્તાપાનાનો જુગાર રમતા ૧૨ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૫૯,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ખંભાત સીટી પોલીસને અંગત બાતમી મળી હતી કે, બાજરીયા વિસ્તારમાં પિન્ટુભાઈ રમેશભાઈ ચુનારા પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે જુગાર વોરંટ મેળવી, બે પંચોને સાથે રાખી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે બાતમીવાળા મકાન પર દરોડો પાડ્યો હતો. મકાનનો મુખ્ય દરવાજો ખુલ્લો હોવાથી પોલીસે ઉપરના માળે તપાસ કરતા રૂમમાં ૧૨ શખ્સો પ્લાસ્ટિકના પાથરણા પર પૈસાની હારજીતનો જુગાર રમતા મળી આવ્યા હતા, જેમને પોલીસે કોર્ડન કરીને ઝડપી લીધા હતા.

આ શખસોની અંગઝડતીમાંથી રૂ. ૧૫ હજાર રોકડા, દાવ પરથી રૂ. ૪,૯૦૦ રોકડા, ૫૨ પત્તાપાના તેમજ રૂ. ૪૦,૦૦૦ની કિંમતના ૭ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૫૯,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે તમામ જુગારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડતાલધામમાં રાકેશપ્રસાદજીના હસ્તે ૨૧ પાર્ષદોએ દીક્ષા લીધી

વડતાલધામ ખાતે ૨૦૨મો પાટોત્સવ અને દીક્ષા મહોત્સવ મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

વડતાલધામ ખાતે અ.નિ. શ્યામવલ્લભદાસજી સ્વામીના પુણ્ય સ્મૃતિ મહોત્સવ અને પ્રબોધિની એકાદશીના પવિત્ર દિને શ્રી લક્ષ્મીનારાયણદેવનો ૨૦૨મો વાર્ષિક પાટોત્સવ તથા દીક્ષા સમારોહ ભારે હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો.

આ પાટોત્સવના યજમાન ભગવાનભાઈ નાગરભાઈ પટેલ પરિવારના યજમાનપદે બ્રાહ્મ મુહૂર્તમાં મંગળા આરતી બાદ બૃહદ્ સ્નપન-મહાઅભિષેક વિધિ યોજાઈ હતી. વડતાલ મંદિરની ધર્મશાળા ખાતે સદગુરુ



ગોપાળાનંદસ્વામીના સિંહાસન સમક્ષ યોજાયેલા દીક્ષા સમારોહમાં ૨૧ પાર્ષદોને શ્વેત વસ્ત્રોનો પરિત્યાગ કરાવી ભગવા વસ્ત્રો ધારણ કરાવવામાં આવ્યા હતા. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે નવદીક્ષિત સંતોને કાનમાં ગુરુમંત્ર આપી આશીર્વાદ પાઠવ્યા હતા અને તેમનું નામાભિધાન કરાવ્યું હતું. આ દીક્ષાવિધિનું આયોજન મુનિવલ્લભ સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે છેલ્લા ૨૪ વર્ષમાં કુલ ૯૬૦ પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી મોક્ષમાર્ગે પ્રેરિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, આ જ પવિત્ર દિને પૂજ્ય લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળા માતૃશ્રીના હસ્તે ૮ બહેનોએ સાંખ્યયોગી દીક્ષા ગ્રહણ કરી હતી.

આણંદ જિલ્લામાં આજથી પોલિયો રસીકરણ ઝુંબેશ

જિલ્લાના ૨.૫૧ લાખથી વધુ બાળકોને રસી આપવાનો લક્ષ્યાંક

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

આણંદ જિલ્લામાં ૨૨મી, ૨૩મી અને ૨૪મી નવેમ્બર દરમિયાન પોલિયો રસીકરણ કાર્યક્રમ હાથ ધરાશે.

આણંદ જિલ્લાના ૦ થી ૫ વર્ષના અંદાજિત કુલ ૨,૫૧,૮૨૪ બાળકોને પોલિયોની રસી પીવડાવવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. જિલ્લામાં ૦ થી ૫ વર્ષ સુધીનું એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આણંદ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રસીકરણ બૂથ, ટ્રાન્ઝિટ પોઈન્ટ તેમજ મોબાઈલ ટીમોનું સુઆયોજન કરવા કલેક્ટરશ્રી દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. વિશેષ રૂપે સ્થળાંતરિત શ્રમિકો, બાંધકામ સાઈટ, ઝૂંપડપટ્ટી અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા બાળકોને રસીકરણ હેઠળ આવરી લેવા ધ્યાન કેન્દ્રિત કરાશે. કોઈ પણ બાળક રહી ન જાય તે માટે ઘરે-ઘરે મુલાકાત લઈ ૧૦૦ ટકા રસીકરણ સુનિશ્ચિત કરાશે.

આ ઝુંબેશને સફળ બનાવવા આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, શિક્ષણ વિભાગ, પંચાયત વિભાગ તથા નગરપાલિકા સહિતના સંબંધિત વિભાગો વચ્ચે સંકલન સાધી વ્યાપક જનજાગૃતિ ફેલાવવા, પોલિયો રસીનો પૂરતો જથ્થો અને કોલ્ડ ચેઈનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ મોનિટરિંગ કરવા જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

બસમાં આવી રહેલા બનેવીને લેવા બોરસદ જતી વખતે અકસ્માત સર્જાયો

ભાદરણ પાસે ઝાડ સાથે કાર અથડાતાં ચાલકનું કરુણ મોત

ભાદરણ ગ્રામ પંચાયતના સેનેટરી ઇન્સ્પેક્ટરનું કરુણ મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૧

આણંદ જિલ્લાના ભાદરણ - બોરસદ રોડ પર શનિવારે વહેલી સવારના સુમારે એક પૂરઝડપે જતી કાર અચાનક સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતાં રોંગ સાઈડે જઈ આંબાના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં ભાદરણ ગ્રામ પંચાયતમાં સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા કારચાલક મેહુલભાઈ ગિરીશભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ, ભાદરણ ગ્રામ પંચાયતના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલભાઈ ગિરીશભાઈ પટેલના બનેવી રાજકોટથી બસ મારફતે બોરસદ આવવાના હોવાથી તેઓ પોતાની કાર લઈને ભાદરણથી બોરસદ જવા નીકળ્યા હતા. વહેલી સવારે આશરે સવા બે વાગ્યાના સુમારે ભાદરણ-બોરસદ રોડ પર આવેલા એક ફાર્મહાઉસ નજીકથી પસાર થતી વેળાએ કાર પરનો કાબુ ગુમાવતાં કાર રોંગ સાઈડે ધસી ગઈ હતી અને આંબાના ઝાડ સાથે અથડાતાં કારના આગળના ભાગનો ભૂકો બોલી ગયો હતો.

આ અકસ્માતમાં માથા, પગ તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે મેહુલભાઈનું સ્થળ પર જ મોત થયું હતું. આ. ઘટનાની જાણ થતાં જ ભાદરણ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ બનાવ અંગે રાજેશભાઈ વૈદ્યની ફરિયાદના આધારે ભાદરણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સેનેટરી ઈન્સ્પેક્ટરના અકાળે અવસાનથી પરિવારજનો અને ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

આણંદ - ખેડા જિલ્લામાં કેટલાક સમયથી માર્ગ અકસમાતનું પ્રમાણ વધ્યું છે. આ અંગે વહીવટી તંત્ર દ્વારા અકસ્માતો ઘટે તે માટે જરૂરી જાગૃતિ લાવવા પગલાં ભરવા માંગ ઉઠી છે.

ચરોતરમાં તિર્થધામોની પદયાત્રાનો ઉત્સાહ , ગામેગામથી સંઘોનું પ્રસ્થાન

અંબાજી, બહુચરાજી, પાવાગઢ, ચોટીલા સહિતનાં શક્તિપીઠો તરફ માઈભક્તોનુ પ્રયાણ

(પ્રતિનિધિ) આણંદ તા ૨૧

ચરોતર પંથકમાં દીવાળીના પર્વની પૂર્ણાહુતિ સાથે જ ધાર્મિક આસ્થા અને ભક્તિનો માહોલ છવાયો છે. શિયાળાની શરૂઆત થતાં જ આણંદ અને ખેડા જિલ્લાના ગામડાઓમાં માઈભક્તોમાં પદયાત્રાનો અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ ગામોમાંથી માતાજીના ભક્તો અંબાજી, બહુચરાજી, પાવાગઢ, ચોટીલા, ભાવનગર, માતાના મઢ સહિતનાં વિવિધ શક્તિપીઠો અને ધાર્મિક સ્થળોનાં દર્શનાર્થે પગપાળા પ્રસ્થાન કરી રહ્યા છે. જેના પગલે સમગ્ર ચરોતર પંથકમાં જય માતાજીના નાદ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું છે. ક્યાંક વર્ષોથી પરંપરાગત રીતે નીકળતા સંઘો તો ક્યાંક યુવાનોના ઉત્સાહથી રચાયેલા નવા સંઘો માતાજીનાં દર્શન માટે રસ્તા પર આગળ



વધી રહ્યા છે. પરિવારજનો, મિત્રો અને ગ્રામજનો સાથે જોડાઈને ભક્તો માતાજીના જયઘોષ વચ્ચે પદયાત્રાનો પ્રારંભ કરી રહ્યા છે.

પદયાત્રા દરમિયાન ભક્તો માતાજીનાં ભજનો, ગરબા, ધૂન અને સ્તુતિગાન દ્વારા ભક્તિરસમાં તરબોળ બનીને અંતર કાપી રહ્યા છે. રસ્તામાં આવતા ગામો અને માર્ગો પર પણ પદયાત્રીઓને લોકો તરફથી આવકાર મળી રહ્યો છે. વિવિધ સ્થળોએ સેવાભાવી સંસ્થાઓ, યુવક મંડળો અને દાતાઓ દ્વારા ચા-પાણી, નાસ્તો, ભોજન તથા આરામની વ્યવસ્થા કરવામાં આવે છે. ગ્રામજનો પણ કુમકુમ તિલક કરી, માતાજીની ચૂંદડી ઓઢાડી અને જય માતાજીના નાદ સાથે પદયાત્રીઓને શુભેચ્છાભેર વિદાય આપી રહ્યા છે.

માતાજીનાં દર્શનની અભિલાષા સાથે નીકળેલી આ પદયાત્રાઓ માત્ર ધાર્મિક યાત્રા બની રહેતી નથી, પરંતુ સામૂહિક એકતા, શિસ્ત, સેવાભાવ અને પરસ્પર સહયોગનું પણ પ્રતીક બની રહી છે. પદયાત્રામાં જોડાયેલા ભક્તો એકબીજાની મદદરૂપ બનીને મુશ્કેલીઓનો સામનો કરે છે અને સામૂહિક ભક્તિનો આનંદ માણે છે. આમ, દીપાવલી બાદ ચરોતરનાં ગામડાઓમાં શક્તિ ઉપાસના, આસ્થા અને સેવાભાવની ત્રિવેણી વહેતી થઈ છે. માતાજીનાં દર્શનના સંકલ્પ સાથે આગળ વધતાં માઈભક્તોનાં પગલાંએ સમગ્ર પંથકમાં ધાર્મિક ચેતનાનો સંચાર કર્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225